| GJAR070007292026 | કેસ દાખલ થયા તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
|---|---|---|---|---|
| | કેસ રજી.થયા તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| | કેસ ફેસલ થયા તારીખ | ૧૭/૦૮/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૪ | ૩૦ |

**બાયડ ના મહે. અધીક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમા,**

**મુ. બાયડ, જી.અરવલ્લી.**

ફોજદારી કેસ નંબર:– ૬૩૦/૨૦૨૬

આંક:– ૩૯

શ્રી સરકાર ...ફરીયાદી

વિરુધ્ધ

(૧) વિક્રમસિંહ ભુપતસિંહ પરમાર

(૨) મહેશસિંહ વક્તુસિંહ ચૌહાણ

(૩) રાજેશસિંહ વક્તુસિંહ ચૌહાણ

(૪) પ્રવિણસિંહ ઉર્ફે મંગળસિંહ વિક્રમસિંહ ચૌહાણ

(૫) પાલ્લાબેન વિક્રમસિંહ પરમાર

(૬) રાધાબેન ઉર્ફે કોમલબેન વિક્રમસિંહ પરમાર

(૭) માયાબેન ખુમાનસિંહ પરમાર

(૮) જશવંતસિંહ નરસિંહભાઇ ચૌહાણ

(૯) હિતેષકુમાર બાબરસિંહ ચૌહાણ

(૧૦) વિષ્ણુસિંહ રૂમાલસિંહ ચૌહાણ

(૧૧) રજુબેન ભુપતસિંહ પરમાર

(૧૨) મંજીબેન વક્તુસિંહ ચૌહાણ

(૧૩) બાબરસિંહ દોલતસિંહ ચૌહાણ

(૧૪) મેહુલસિંહ કાળુસિંહ ચૌહાણ

(૧૫) નરસિંહભાઇ દોલાભાઇ ચૌહાણ

તમામ રહે. પાલડી, તા.બાયડ, જી.અરવલ્લી. **...આરોપીઓ**

**ગુન્હો:–** ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબ

---

**:: વકીલશ્રી ઓ::**

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી.વી. બી. પ્રજાપતિ,

આરોપી પક્ષે વિ.વ.શ્રી **ડી.જે.બારોટ, કે.એલ.પરમાર**

---

**// ચુકાદો//**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આરોપીઓએ તા. ૧૪/૦૧/૨૦૨૫ કલાક ૧૬/૩૦ થી કલાક ૧૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાને મોજે પાલડી તથા જીતપુર ગામે આ કામના આરોપી નં-૫ નાને આ કામના સાહેદ જયદિપસિંહ દીલીપસિંહ સાથે બોલાચાલી તકરાર થયેલ જે બાબતની અદાવત રાખી આ કામના તમામ આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી સાહેદ ડાહ્યાજીને નઠારી ગાળો બોલી શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ પહોંચાડી તથા આ કામના ફરીયાદી તથા સાહેદો ડાહ્યાજીને છોડાવવા આવતા આ કામના આરોપી નં. ૧,૨,૪,૬ તથા ૮ નાઓએ ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ કરી તથા આરોપી નં. ૩,૯,૧૦,૭,૧૩ તથા ૧૪ નાઓએ સાહેદ લાલસિંહને શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ કરી તથા આરોપી નં. ૫ તથા ૧૧ નાઓએ સાહેદ મહેશકુમારને શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ કરી તથા આરોપી નં. ૧૨,૧૫ તથા ૧૬ નાઓએ સાહેદ કીરણભાઈને શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ કરી તથા આ કામના ફરીયાદી તથા સાહેદો જીતપુર સરકારી દવાખાને સારવાર કરવા સારૂ આવેલ તે વખતે આરોપી નં.૧૦ નાઓએ તેના હાથમાં ઈંટ લઈ સાહેદ જયદીપસિંહ દીલીપસિંહના કબજાની વેગરનઆર ગાડી નંબર જી.જે.૩૧.એ.૦૯૬૦ આગળના કાચ ઉપર છુટ્ટી ઈંટ ફેંકી ગાડીને નુકશાન પહોંચાડી તમામ આરોપીઓ એકસંપ થઈ ફરીયાદી તથા સાહેદોને માં-બેન સામી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી, મેં. જીલ્લા મેજી.સા.ના ચાલુ જાહેરનામાંનો ભંગ કરી, આરોપીઓએ <u>ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨),</u>

૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ. જે ગુન્હાની ફરીયાદ ફરીયાદી નરેન્દ્રસિંહ લાલસિંહ ચૌહાણ નાએ કરતા આ કામના આરોપીઓ સામે ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબની ફરીયાદ આંબલીયારા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૮૮૦૦૧૨૫૦૦૧૫/૨૦૨૫ થી રજીસ્ટરે લઈ આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ સામે ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબના ગુન્હા સબબનુ ચાર્જશીટ કરવામાં આવેલ.

૨. ચાર્જશીટના આધારે ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને સમંસ કરવામાં આવતા આરોપી જાતે તથા તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલા અને આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી આંક ૧ નીચે કર્યા બાદ ફરીયાદ પક્ષના કેસના આક્ષેપો અનુસાર ગુનાની વિગતે **આંક- ૦૩** થી આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ અને **આંક ૪ થી આંક ૧૮** સુધીની આરોપીની પ્લી રેકર્ડ કરતા અને તેની વિગતો તેઓને વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા અને કેસમાં બચાવ કરવાનું જણાવતા આ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ. ત્યારબાદ આ કામે પક્ષકારોએ ચાલુ ટ્રાયલ દરમ્યાન આરોપી અને ફરીયાદ પક્ષ વચચે ઘરમેળે રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ હોય જેથી **આંક- ૧૯** થી સમાધાન પુરસીસ રજુ કરતા સમાધાન પુરસીશ રેકર્ડ કરવામા આવેલ છે.

૩. અહી ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

(અ) <u>ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખીક પુરાવો:–</u>

૧. આંક– ૨૧ થી ફરીયાદી નરેન્દ્રસિંહ લાલસિંહ ચૌહાણ ની જુબાની

૨. આંક– ૨૩ થી સાહેદ જયદીપકુમાર દિલીપસિંહ ચૌહાણ ની જુબાની

૩. આંક– ૨૪ થી સાહેદ લાલસિંહ તખતસિંહ ચૌહાણ ની જુબાની

૪. આંક–૨૫ થી સાહેદ મહેશકુમાર લાલસિંહ ચૌહાણની જુબાની

૫. આંક– ૨૬ થી સાહેદ કિરણસિંહ સરદારસિંહ ચૌહાણની જુબાની

૬. આંક–૨૭ થી ડાહ્યાજી હોમતાજી ચૌહાણની જુબાની

(બ) <u>ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો:–</u>

૧. આંક – ૨૨ થી ફરીયાદ.

૨. આંક – ૨૮ અને ૨૯ થી ગુનાવાળી જગ્યાાનુ પંચનામુ.

૩. આંક– ૩૦ થી ૩૨ સુધી શરીર સ્થિતિનું પંચનામું

૪. આંક– ૩૩ થી વર્ધી

૫. આંક– ૩૪ થી સારવાર સર્ટીફીકેટ આપવા બાબતેની યાદી

૬. આંક– ૩૫ થી ૩૭ સુધી મેડીલક સર્ટીફિકેટ

૪. આ સિવાય ફરીયાદપક્ષે કોઈ વિશેષ પુરાવો રજુ કરવો નથી તેવું આ કામના મુળ ફરીયાદી તથા સાહેદે **આંક– ૩૮** ની કલોજીંગ પુરસીસથી જાહેર કરતા ફરીયાદપક્ષે આ સિવાય કોઈ વિશેષ પુરાવો રજુ થયેલ નથી.

૫. ઉપરોકત વિગતોએ ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદમાં આ કામ આરોપીઓના વિશેષ નિવેદન ઉપર રાખવામાં આવેલ પરંતુ રેકર્ડ ધ્યાને લેતા

આ કામે આરોપી સામે વિશેષ નિવેદન લાયક પુરાવો આવેલ ન હોય જેથી આરોપીનુ વિશેષ નિવેદન લેવામા આવેલ નથી. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી તથા આરોપી ના વી.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.અને બંને પક્ષકારોની દલીલોને પુરાવાના પૃથ્થકરણમાં વણી લીધેલ હોય અત્રે પુનરાર્વતન ટાળવાના હેતુસર અલગથી ચર્ચા કરેલ નથી.

૬. ઉકત વિગતોએ ફરીયાદપક્ષના કેસના નિર્ણય તેમજ નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષે એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા. ૧૪/૦૧/૨૦૨૫ કલાક ૧૬/૩૦ થી કલાક ૧૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાને મોજે પાલડી તથા જીતપુર ગામે આ કામના આરોપી નં−૫ નાને આ કામના સાહેદ જયદિપસિંહ દીલીપસિંહ સાથે બોલાચાલી તકરાર થયેલ જે બાબતની અદાવત રાખી આ કામના તમામ આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી સાહેદ ડાહ્યાજીને નઠારી ગાળો બોલી શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ પહોંચાડી તથા આ કામના ફરીયાદી તથા સાહેદો ડાહ્યાજીને છોડાવવા આવતા આ કામના આરોપી નં. ૧,૨,૪,૬ તથા ૮ નાઓએ ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ કરી તથા આરોપી નં. ૩,૯,૧૦,૭,૧૩ તથા ૧૪ નાઓએ સાહેદ લાલસિંહને શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ કરી તથા આરોપી નં. ૫ તથા ૧૧ નાઓએ સાહેદ મહેશકુમારને શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ કરી તથા આરોપી નં. ૧૨,૧૫ તથા ૧૬ નાઓએ સાહેદ કીરણભાઇને શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ કરી તથા આ કામના ફરીયાદી તથા સાહેદો જીતપુર સરકારી

દવાખાને સારવાર કરવા સારૂ આવેલ તે વખતે આરોપી નં.૧૦ નાઓએ તેના હાથમાં ઇંટ લઇ સાહેદ જયદીપસિંહ દીલીપસિંહના કબજાની વેગરનઆર ગાડી નંબર જી.જે.૩૧.એ.૦૯૬૦ આગળના કાચ ઉપર છુટ્ટી ઇંટ ફેંકી ગાડીને નુકશાન પહોંચાડી તમામ આરોપીઓ એકસંપ થઇ ફરીયાદી તથા સાહેદોને માં-બેન સામી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી, મેં. જીલ્લા મેજી.સા.ના ચાલુ જાહેરનામાંનો ભંગ કરી, આરોપીઓએ ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદા પરત્વે મારા ન્યાયીક નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

## // કારણો //

૮. ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત સાબીત કરવા માટે **આંક- ૨૧** થી ફરીયાદી નરેન્દ્રસિંહ લાલસિંહ ચૌહાણ ને તપાસવામાં આવેલા છે. ફરીયાદી તેઓની જુબાનીમાં ફરીયાદમા તેઓની સહી ઓળખી બતાવી ફરીયાદ **આંક- ૨૨** થી રજુ રાખેલ છે. આ સીવાય આ કામે આંક- ૨૩ થી સાહેદ જયદિપકુમાર દિલીપસિંહ ચૌહાણ ને અને આંક- ૨૪ થી સાહેદ લાલસિંહ તખતસિંહ ચૌહાણ ને અને આંક- ૨૫ થી સાહેદ મહેશકુમાર લાલસિંહ ચૌહાણ તેમજ આંક-૨૬ થી સાહેદ કિરણસિંહ સરદારસિંહ

ચૌહાણ તેમજ આંક–૨૭ થી સાહેદ હાડ્યાજી હોમતાજી ચૌહાણનાઓને તપાસવામા આવેલ છે. આ ફરીયાદી અને સાહેદો તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન કારી કોઈ હકીકત જણાવેલ નથી તેમજ આ ફરીયાદી તથા સાહેદની સમગ્ર જુબાની જોતાં ફરીયાદી અને સાહેદે પોતાની જુબાનીમા આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાની હકીકત જણાવી પોતે ફરીયાદ કરેલ હોવાની હકીકત જણાવેલ છે અને આમ તેણે ફરીયાદપક્ષના કેસને તથા તેમણે આપેલ ફરીયાદને સમર્થન આપેલ નથી તેઓની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને કે તેમણે આપેલ ફરીયાદને લેશમાત્ર સમર્થન નહી આપતા ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ પણ તેઓની વિ.એ.પી.પી. શ્રી દ્વારા કરવામાં આવેલ વિસ્તૃત ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી તથા આરોપી વિરુધ્ધનો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. અને આ ફરીયાદીની જુબાની માથી ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી અને આરોપીઓ વિરુધ્ધનો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

તેમજ આ ફરીયાદી તથા સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે તેને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે તેમજ સાહેદને કોઈ ઈજા કરેલ ન હોવાનુ પણ કબુલ રાખેલ છે.

૯. આ કામે ફરીયાદ પક્ષે આંક – ૨૨ થી ફરીયાદ, આંક – ૨૮ અને ૨૯ થી ગુનાવાળી જગ્યાાનુ પંચનામુ, આંક– ૩૦ થી ૩૨ સુધી શરીર સ્થિતિનું પંચનામું, આંક– ૩૩ થી થી વર્ધી, આંક– ૩૪ થી સારવાર સર્ટીફીકેટ

આપવા બાબતેની યાદી, આંક– ૩૫ થી ૩૭ સુધી મેડીલક સર્ટીફિકેટ સહીતના દસ્તાવેજો બચાવપક્ષે કબુલ રાખતા રજુ થયેલ છે.

૧૦. આમ ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં ફરીયાદપક્ષે આરોપીઓ સામે જે ગુનાનું તહોમત છે તે સાબીત કરવા માટે પ્રથમ તો એ સાબીત કરવું પડે કે, આરોપીઓએ તા. ૧૪/૦૧/૨૦૨૫ કલાક ૧૬/૩૦ થી કલાક ૧૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાને મોજે પાલડી તથા જીતપુર ગામે આ કામના આરોપી નં–૫ નાને આ કામના સાહેદ જયદિપસિંહ દીલીપસિંહ સાથે બોલાચાલી તકરાર થયેલ જે બાબતની અદાવત રાખી આ કામના તમામ આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ એકસંપ થઇ ગેરકાયદેસર મંડળી રચી સાહેદ ડાહ્યાજીને નઠારી ગાળો બોલી શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ પહોંચાડી તથા આ કામના ફરીયાદી તથા સાહેદો ડાહ્યાજીને છોડાવવા આવતા આ કામના આરોપી નં. ૧,૨,૪,૬ તથા ૮ નાઓએ ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ કરી તથા આરોપી નં. ૩,૯,૧૦,૭,૧૩ તથા ૧૪ નાઓએ સાહેદ લાલસિંહને શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ કરી તથા આરોપી નં. ૫ તથા ૧૧ નાઓએ સાહેદ મહેશકુમારને શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ કરી તથા આરોપી નં. ૧૨,૧૫ તથા ૧૬ નાઓએ સાહેદ કીરણભાઇને શરીરે ગડદાપાટુનો માર મારી ઈર્જાઓ કરી તથા આ કામના ફરીયાદી તથા સાહેદો જીતપુર સરકારી દવાખાને સારવાર કરવા સારૂ આવેલ તે વખતે આરોપી નં.૧૦ નાઓએ તેના હાથમાં ઇંટ લઇ સાહેદ જયદીપસિંહ દીલીપસિંહના કબજાની વેગરનઆર

ગાડી નંબર જી.જે.૩૧.એ.૦૯૬૦ આગળના કાચ ઉપર છુટ્ટી ઇંટ ફેંકી ગાડીને નુક્શાન પહોંચાડી તમામ આરોપીઓ એકસંપ થઇ ફરીયાદી તથા સાહેદોને માં-બેન સામી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી, મેં. જીલ્લા મેજી.સા.ના ચાલુ જાહેરનામાંનો ભંગ કરી, આરોપીઓએ ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલાનુ સાબીત કરવામાં સફળ થાય તો જ આરોપીઓ વિરુધ્ધનું તહોમત સાબીત થઈ શકે.

જે અનુસંધાને રેકર્ડ ઉપરના પુરાવાની તુલનાત્મક ચર્ચા કરવામાં આવે તો આ કામે ફરીયાદી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે તે મુજબ ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનવા પામેલ નથી અને ખુદ ફરીયાદીએ તેમની ફરીયાદને સમર્થન આપેલ ન હોય અને ફરીયાદીએ આરોપી વિરુધ્ધમાં જુબાની આપવાનું ટાળેલ છે તેના કારણમાં એવું જણાય છે કે ફરીયાદી અને આરોપી વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. તેમજ આ કામના મુળ ફરીયાદીએ **આંક - ૩૮** થી કલોઝીંગ પુરસીસ આપેલ છે જે જોતાં પણ ફરીયાદપક્ષે આ કામે આ સિવાય કોઈ વિશેષ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને ફરીયાદીએ જ તેમણે આપેલ **આંક - ૨૨** ની ફરીયાદને સમર્થન આપેલ નથી અને રજુ દસ્તાવેજો અને ફરીયાદ ધારાસર પુરવાર થતા નથી અને આ કામે બનાવ વખતે આરોપીઓએ તા. ૧૪/૦૧/૨૦૨૫ કલાક ૧૬/૩૦ થી કલાક ૧૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાને મોજે પાલડી તથા જીતપુર ગામે આ કામના આરોપી નં-૫ નાને આ કામના સાહેદ જયદિપસિંહ દીલીપસિંહ સાથે બોલાચાલી

તકરાર થયેલ જે બાબતની અદાવત રાખી આ કામના તમામ આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી સાહેદ ડાહ્યાજીને નઠારી ગાળો બોલી શરીરે ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી તથા આ કામના ફરીયાદી તથા સાહેદો ડાહ્યાજીને છોડાવવા આવતા આ કામના આરોપી નં. ૧,૨,૪,૬ તથા ૮ નાઓએ ફરીયાદીને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજાઓ કરી તથા આરોપી નં. ૩,૯,૧૦,૭,૧૩ તથા ૧૪ નાઓએ સાહેદ લાલસિંહને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજાઓ કરી તથા આરોપી નં. ૫ તથા ૧૧ નાઓએ સાહેદ મહેશકુમારને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજાઓ કરી તથા આરોપી નં. ૧૨,૧૫ તથા ૧૬ નાઓએ સાહેદ કીરણભાઈને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજાઓ કરી તથા આ કામના ફરીયાદી તથા સાહેદો જીતપુર સરકારી દવાખાને સારવાર કરવા સારૂ આવેલ તે વખતે આરોપી નં.૧૦ નાઓએ તેના હાથમાં ઈંટ લઈ સાહેદ જયદીપસિંહ દીલીપસિંહના કબજાની વેગરનઆર ગાડી નંબર જી.જે.૩૧.એ.૦૯૬૦ આગળના કાચ ઉપર છુટ્ટી ઈંટ ફેંકી ગાડીને નુકશાન પહોંચાડી તમામ આરોપીઓ એકસંપ થઈ ફરીયાદી તથા સાહેદોને માં–બેન સામી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી, મેં. જીલ્લા મેજી.સા.ના ચાલુ જાહેરનામાંનો ભંગ કરી, આરોપીઓએ ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલાનુ પુરવાર થતુ નથી ત્યારે અહી ફરીયાદપક્ષની એ ફરજ છે કે તેમણે આરોપી વિરુધ્ધનું તહોમત સબળ, શ્રેષ્ઠ, સચોટ, વિશ્વસનીય અને સમર્થનકારી પુરાવાઓથી

નિ:શંકપણે પુરવાર કરવું જોઈએ પરંતુ તેમ કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલ હોય તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી જેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપવાનું ઠરાવી મુદા નં. ૨ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **આખરી હુકમ** //

આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ ૨૭૧ (૧) અન્વયે ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૮૯(૨), ૧૯૧(૨),૧૯૦, ૧૧૫(૨), ૩૨૪(૪), ૧૨૫, ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેના તહોમતમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ રજુ કરેલ જામીન બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ ૪૮૧ અન્વયે છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૭ મી માહે આગષ્ટ , સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

બાયડ
તારીખ: ૧૭/૦૮/૨૦૨૬

**(વિજયકુમાર ચંદુલાલ મકવાણા)**
એડી ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
બાયડ, જી. અરવલ્લી.
**JUDGE CODE NO. 00997**